પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

eGujCop
Securing Gujarat
GUJARAT POLICE

# પ્રેસનોટ

## મોબાઈલ ફોનની ચીલઝડપના બે આરોપીઓને ચોરીના મોબાઈલ ફોન નંગ ૫ તથા એકસેસ ગાડી સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનના ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ આપેલ સુચના મુજબ આજરોજ સર્વેલન્સ સ્કોડ અ.હે.કો.વનરાજભાઈ વલકુભાઈ બ.નં.૫૭૬૩ તથા અ.હે.કો. હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા મહેશભાઈ બાબુભાઈ બ.નં.૧૩૦૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વાગે વટવા ટર્નિંગ પાસે આવતાં સાથેના પો.કો ગોવિંદસિંહ દિલીપસિંહ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે "એક સિલ્વર કલરની નંબર પ્લેટ વગરની એકસેસ ગાડી ઉપર બે ઇસમો કોઈ જગ્યાએથી ચોરી અગર છળકપટથી કેટલાક મોબાઈલ ફોન મેળવી લઈ નારોલ સર્કલ તરફથી એકસેસ ગાડી ચલાવી લઈ આવી અત્રે થઈ વટવા ગામ તરફ જવાના છે જેમા ગાડીના ચાલકે રાખોડી વાદળી કલરનુ ગોળ ગળાનુ ટી-શર્ટ તથા વાદળી કલરનુ લોવર પહેરેલ છે અને પાછ્ળ બેઠેલ ઇસમે વાદળી કલરનુ ટી-શર્ટતથા કાળા કલરનુ  લોવર પહેરેલ છે અને શંકાસ્પદ હાલતમાં છે." જે બાતમી આધારે સદરી બંને ઈસમોની વોચમાં રહેતાં થોડીવારમાં ઉપરોકત બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળા બંને ઈસમો દુરથી એકસેસ ચલાવી લઈ આવતાં જણાતા તેમને કોર્ડન કરી રોકી લઈ સદરી બંને ઈસમોના નામ ઠામ પુછતાં એકસેસ ચાલકે પોતાનુ નામ મોસીનખાન સ/ઓ મોજીદખાન નજરખાન જાતે પઠાણ ઉ.વ.૨૨ રહે મ.નં.૨૬૦ બ્લોક નં ૯ ગજેંદ્રનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતીમાંથી બે મોબાઈલ ફોન મળી આવેલ તથા એકસેસની પાછળ બેઠેલ ઈસમે પોતાનુ નામ હાજીભાઈ રફીકભાઈ જાતે શેખ ઉ.વ.૩૧ રહે મ.નં. બી/૦૫ ખ્વાજાનગર બાગેકૌશરની બાજુમાં નારોલ અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતીમાંથી ત્રણ મોબાઈલ ફોન મળી આવેલ જેથી બંને ઈસમો પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન

ચોરી અથવા છળ કપટથી  મેળવેલાનુ જણાતાં તે અંગે તપાસ કરતાં સેમસંગ કંપનીનો મળી આવેલ મોબાઈલ ફોન બાબતે નારોલ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી બંને આરોપીઓ પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન નંગ-૦૫ કિ.રૂ.૨૪૦૦૦/- તથા એકસેસ ગાડીની કિ.રૂ.30,000/- ગણી કુલ્લે કિ.રૂ.૫૪,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી નારોલ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં.૨૦૮/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનામાં આજરોજ તા.૨૩/૧૧/૧૯ ના કલાક ૧૬/30 વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશન ખાતેનો ચીલઝડપનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. અને બીજા કબ્જે કરેલ ચાર મોબાઈલ ફોન બાબતેની તપાસ તજવીજ ચાલુ છે.

